સ્માર્ટ ક્લાસ અને ડિજિટલ બ્લેકબોર્ડ પછી પહેલા શાળા તો બનાવો...

# માત્ર ૧ શિક્ષકના ભરોસે ચાલે છે શાળા

**કપરાડાના** ઉમરપાડામાં શાળાનું મકાન તોડી પડાતા પંચાયત ભવનમાં ૩૨ બાળકો ભણવા મજબૂર

**શિક્ષક** તાલુકા કક્ષાની મીટિંગમાં જાય ત્યારે બાળકોની સુરક્ષા સામે જોખમ



### આદિવાસી વિસ્તારોમાં 100થી વધુ શિક્ષકોની ઘટ

ધરમપુર, કપરાડા અને ઉમરગામ તાલુકાના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં અંદાજે 100 કરતાં વધુ શિક્ષકો - આચાર્યોની કાયમી જગ્યાઓ ખાલી છે અથવા ઘટપૂરતા શિક્ષકોથી કામ ચલાવવામાં આવે છે. કાયમી ભરતી વિલંબિત હોવાથી જિલ્લાની ઘણી શાળાઓ કરાર આધારિત 'જ્ઞાન સહાયક' કે પ્રવાસી શિક્ષકોના ભરોસે ચાલે છે. વલસાડ જિલ્લાના ડુંગરાળ વિસ્તારોમાં ડઝનથી વધુ શાળાઓ એવી છે જ્યાં માત્ર 1 કે 2 શિક્ષકો પર જ ધોરણ 1 થી 8 ના તમામ બાળકોને ભણાવવાની જવાબદારી હોય છે.

વલસાડ : કપરાડા તાલુકાના ગાઢવી ગૃપ ગ્રામ પંચાયતના ઉમરપાડા પ્રાથમિક શાળાનું જર્જરિત મકાન તોડી નંખાયા બાદ નવું ન બનતા બાલવાટિકાથી ધોરણ-5 સુધીના કુલ 32 માસૂમ બાળકો પંચાયત ભવનમાં અભ્યાસ કરી રહ્યા છે, તો ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ડિજિટલ બ્લેકબોર્ડ, સ્માર્ટ ક્લાસની વાતો વચ્ચે અહીં માત્ર 1 શિક્ષક ફરજ બજાવી રહ્યા છે. જો તાલુકો મથક કપરાડા જે આશરે 40 કી.મી. દૂર છે ત્યાં શિક્ષક મિટિંગોમાં જાય તો બાળકોની અભ્યાસ અને સુરક્ષા સામે જોખમ ઉભુ થઈ રહ્યું છે. ડુંગરાળ વિસ્તારમાં આવેલા ઉમરપાડા ગામની પ્રાથમિક શાળાનું મકાન જર્જરિત અને જોખમી બનતા તેને તોડી પાડવામાં આવ્યું હતું. જેના કારણે હાલમાં શાળામાં અભ્યાસ કરતા બાલવાટિકાથી ધોરણ-5 સુધીના કુલ 32 વિદ્યાર્થીઓ ગાઢવી ગ્રામ પંચાયતના ભવનમાં બેસીને અભ્યાસ કરવા મજબૂર બન્યા છે. મુખ્ય શિક્ષક, આગેવાનો દ્વારા રજૂઆત બાદ પણ પરિસ્થિતિ યથાવત રહી છે.

### બે જ શિક્ષક હતાં છતાં એકની બદલી કરી નાંખી

ગાઢવી ગ્રામ પંચાયતના સરપંચ બાપુ ખરપડેએ જણાવ્યું કે, પંચાયત ભવનમાં 32 બાળકોને અભ્યાસ હાલ માત્ર કામચલાઉ વ્યવસ્થા તરીકે ચાલી રહ્યો છે. અગાઉ શાળામાં બે શિક્ષકો ફરજ બજાવતા હતા, પરંતુ એક શિક્ષકની બદલી થતાં હાલમાં માત્ર મુખ્ય શિક્ષકના સહારે 32 બાળકોનું શિક્ષણકાર્ય ચાલી રહ્યું છે.

### વિદ્યાર્થીઓની જવાબદારી કર્મચારીને સોંપવી પડે છે

મુખ્ય શિક્ષકને કપરાડા તાલુકા મથકે તેમજ અન્ય સરકારી કામગીરી અને મિટિંગોમાં જવું પડતું હોય ત્યારે વિદ્યાર્થીઓની દેખરેખની જવાબદારી ગ્રામ પંચાયતના કર્મચારીઓ કે અન્ય વ્યક્તિઓને સોંપવાની ફરજ પડતી હોવાનું પણ ગ્રામજનો જણાવી રહ્યા છે.

ઉમરગામના ગાંધીવાડીમાં કંપારી છૂટી જાઈ તેવી ઘટના

# યુવાનનો તીક્ષ્ણ હથિયારથી ગળું કાપી આત્મહત્યાનો પ્રયાસ

**લોહીલુહાણ** હાલતમાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો, આ પગલાનું કારણ અકબંધ

**બચાવવા** જતા લોકોને પણ યુવાને ડરાવ્યા હોવાની ચર્ચા



ઉમરગામ : ઉમરગામમાં કંપારી છૂટી જાઈ તેવી ઘટના સામે આવી હતી. એક યુવાને તીક્ષ્ણ હથિયારથી પોતાનું ગળું કાપી આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ હતી. લોહી લુહાણ બેભાન હાલતમાં ઢળી પડેલા આ ઇજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. તેણે આ પ્રકારનું પગલું કયા કારણોસર ભર્યુ તે કારણ હજી અકબંધ છે.

પ્રાપ્ત સૂત્રો પાસેથી મળતી જાણકારી મુજબ ઉમરગામ ગાંધીવાડી અનવરભાઈની ચાલીમાં રહેતા સોનુકુમાર અશોક પ્રસાદ કુશવાહ (ઉ.વર્ષ 32)એ શનિવારે બપોરના બારેક વાગ્યાના સુમારે ઉમરગામ યશોધામ સિદ્ધિવિનાયક પાછળ રોડ ઉપર જાહેરમાં ચાકુ જેવા તીક્ષ્ણ હથિયારથી પોતાનું ગળું કાપી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં બચાવવા જતા લોકોને પણ તેને ડરાવ્યા હોવાની ચર્ચા છે. ઇજાગ્રસ્ત લોહી લુહાણ હાલતમાં જમીન ઉપર ઢળી પડેલા આ યુવાનને તાત્કાલિક નજીકની ઉમરગામ સરકારી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો અને વધુ સારવાર માટે તાત્કાલિક વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ગળું કપાઈ જવાના કારણે ખૂબ લોહી વહી ગયું હતુ તથા તે બેભાન હાલતમાં બોલી પણ શકતો નથી. આ યુવાનની સારવાર હોસ્પિટલમાં ચાલી રહી છે. આ યુવાને કયા કારણોસર આ પ્રકારનું પગલું ભર્યું તે અંગે હજી ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી તે ભાનમાં આવશે પછી જ ચોક્કસ કારણ જાણવા મળશે. આ બનાવની વધુ તપાસ ઉમરગામ પોલીસે હાથ ધરી છે.

કેન્સર અને હૃદયરોગને નોતરે છે વારંવાર ગરમ કરાયેલું તેલ

# જોધપુર સ્વીટ્સમાંથી બળી ગયેલું -ઝેરી તેલ મળી આવ્યું

**જોધપુર** સ્વીટ્સમાં અખાદ્ય તેલ અને બેકરી પ્રોડક્ટ્સનો નાશ કરાયો




વલસાડ : વલસાડના ધરમપુર રોડ પર અબ્રામા ખાતે, ધરમપુર ચોકડી નજીક આવેલી 'જોધપુર સ્વીટ્સ'માં તપાસ હાથ ધરી હતી. ફૂડ સેફ્ટી ઓફિસર બી. કે. પટેલ અને ટીમે દુકાનમાં વેચાતી ખાદ્યસામગ્રીની ચકાસણી કરી હતી. તપાસ દરમિયાન શંકાસ્પદ જણાતાં સ્ટ્રોબેરી બરફી તેમજ ગરમાગરમ કચોરીના નમૂના સીલ કર્યા હતા. આ તમામ સેમ્પલ રાજકોટ લેબોરેટરી ખાતે મોકલી આપવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, રાજકોટ લેબોરેટરીમાંથી સેમ્પલનો પૃથ્થકરણ અહેવાલ આવ્યા બાદ જો કોઈ ગંભીર ક્ષતિ કે ભેળસેળ જણાશે તો સંબંધિત દુકાનદાર સામે કાયદાકીય પગલાં ભરવામાં આવશે.

દુકાનમાં કચોરી અને સમોસા તળવા માટે ઉપયોગમાં લેવાતા તેલની ટીપીસી (ટોટલ પોલર કમ્પાઉન્ડ્સ) મીટર દ્વારા ચકાસણી કરાતાં તેનું પ્રમાણ ઘણું વધારે એટલે કે ૩૪.૫ ટકા જેટલું જોખમી જણાયું હતું. નિયમ મુજબ ૨૫ ટકાથી વધુ ટીપીસી ધરાવતું તેલ હાનિકારક ગણાય છે. પરિણામે, ફૂડ વિભાગે કડક વલણ દાખવી ૬.૫ લિટર બળી ગયેલા અને તળેલા ઝેરી તેલનો નાશ કરાવ્યો હતો. દુકાનમાંથી ૫ કિલો બેકરી પ્રોડક્ટ્સનો જથ્થો કચરાપેટી ભેગો કરી દેવામાં આવ્યો હતો.

# સરીબુજરંગમાં સરકારી જમીનની ફાળવણી સામે ગ્રામજનોનો વિરોધ

**ગ્રામસભામાં** બાંધકામની પરવાનગી નહીં આપવાનો સર્વાનુમતે ઠરાવ




બીલીમોરા : અમલસાડ નજીક સરીબુજરંગ ગ્રામ પંચાયત હેઠળની સીટી સર્વે નં. ૧૬૩૬ અને ૧૮૩૭ની આશરે ૮૯૨૨ ચો.મી. સરકારી જમીન ગામ બહારના ૩૧ વિચરતી જાતિના ઈસમોને આવાસ માટે ફાળવવાના હુકમ સામે ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ મુદ્દે શુક્રવારે ગ્રામસભામાં ગ્રામજનોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

ગામલોકોના જણાવ્યા મુજબ, જિલ્લા કલેક્ટર દ્વારા તા. ૨૦ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સરીબુજરંગ ગ્રામ પંચાયતની જાણ બહાર આ જમીન ૩૧ ઈસમોને આવાસ માટે ફાળવવામાં આવી છે. ગ્રામસભામાં સરપંચ પ્રજ્ઞાબેન શર્મા, માજી સરપંચ ભરત હળપતિ સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

સરીબુજરંગમાં આશરે ૧૨ હજારની વસ્તી છે અને ૩ હજારથી વધુ આદિવાસીઓ સહિત અનેક પરિવારો રહેઠાણની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. ઉપરાંત ગામમાં રમતનું મેદાન, સુવિધાયુક્ત બસ સ્ટેન્ડ, રિક્ષા સ્ટેન્ડ, દવાખાનું અને ફાયર સ્ટેશન જેવી સુવિધાઓ માટે ભવિષ્યમાં જમીનની જરૂરિયાત ઊભી થઈ શકે છે.

આથી સરકારી જમીનનો ઉપયોગ સ્થાનિક જરૂરિયાતો માટે કરવામાં આવે અને બહારના લોકોને કરાયેલી ફાળવણીના હુકમ અંગે પુનર્વિચાર કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠી છે. ગ્રામસભામાં આ જમીન પર ગ્રામ પંચાયત દ્વારા કોઈપણ પ્રકારના બાંધકામની પરવાનગી નહીં આપવાનો સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### વાપીની સોસાયટીમાં ગણેશોત્સવ બન્યો 'સંસ્કાર, સેવા અને સ્વાસ્થ્ય'નો ઉત્સવ



વાપી : પ્રમુખ ગ્રીન સોસાયટી, ચલામાં પ્રમુખ, સોસાયટી કમિટી તથા રહેવાસીઓએ ગણેશ મહોત્સવની ભવ્ય ઉજવણી કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે પ્રમુખ ગ્રીન્સ સોસાયટીમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કેક કાપી વડાપ્રધાનને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતાં. ઓમ શાંતિ મંડળ દ્વારા રહેવાસીઓ માટે સ્વાસ્થ્ય અને સુખાકારી અંગે વિશેષ માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો. બાળકોની પ્રતિભાને પ્રોત્સાહન આપવા ડ્રોઈંગ, બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ, ડાન્સ તથા માયથોલોજિકલ કાર્યક્રમો યોજાયા હતાં. મહિલાઓ માટે હાઉસી ગેમ અને આરતીની થાળી ડેકોરેશન જેવી સ્પર્ધાઓ યોજાઈ હતી. સોસાયટીના નિલેશ ગબાણી, સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રમુખ ગ્રીન સોસાયટીના રાજસ્થાન મિત્ર મંડળ દ્વારા સુંદરકાંડ પાઠનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

### વાપીના જ્વેલર્સ પાસે પાંચ કરોડની યુ.કે. થી ખંડણી માંગતા વેપારીઓમાં ચિંતા

વાપી : વાપીના જ્વેલર્સને લોરેન્સ બિશ્નોઇ ગેંગની વિરોધી ગેંગના નામે પાંચ કરોડની ખંડણી માંગવામાં આવી હોવાની વાતથી વેપારીઓમાં ચિંતા પ્રસરી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગત બુધવારે વાપીના જ્વેલર્સના યુવા સંચાલકના મોબાઇલ પર વિદેશી નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. તે સમયે તે ગ્રાહકોમાં વ્યસ્ત હોવાથી કોલ ઉપાડી શક્યો ન હતો. ત્યાર બાદમાં તેણે સામેથી કોલ કરવાનો પ્રયાસ કર્યો પરંતુ કોલ લાગ્યો ન હતો. બીજા દિવસે સવારે 3:30 કલાકે ફરી યુકે નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. સામે છેડેથી વ્યક્તિએ પોતાની ઓળખ બિશ્નોઇ ગેંગની વિરોધી ગેંગના સભ્ય તરીકે આપી હતી. 'હું તને અને તારા પરિવારને ઓળખું છું' એમ કહી પાંચ કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી અને ધમકી આપી હતી કે 'પોલીસમાં ફરિયાદ કરવી હોય તો કરી દે, પણ પરીણામ સારું નહીં આવે.' આ ધમકીથી ગભરાયેલા જવેલર્સે તાત્કાલિક નંબર બ્લોક કરી દઇ વાપી પોલીસને જાણ કરી હતી. ફોન યુકેથી આવ્યો હોવાનું અનુમાન છે. આ કોલ એઆઈથી જનરેટ થયો હોવાની સંભાવના બતાવવામાં આવે છે. હાલ તો પોલીસે આ આખા મામલામાં ગુપ્ત રાહે તપાસ હાથ ધરી છે. જોકે પોલીસ આ મામલામાં કઈ જ બોલતી નથી.

### હિન્દી પખવાડાની સ્પર્ધામાં શ્રીનાથજી સ્કૂલ-કોલેજે મેળવ્યા સાત ઇનામ



દમણ : સંઘપ્રદેશ દમણના રાજભાષા વિભાગ દ્વારા આયોજિત હિન્દી પખવાડા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓમાં શ્રીનાથજી ગૃપ ઓફ કોલેજ અને શ્રીનાથજી સ્કૂલના વિદ્યાર્થીઓ તથા પ્રોફેસરે ઉત્કૃષ્ટ દેખાવ કરી કુલ સાત ઇનામ મેળવ્યા હતા. કોલેજ કેટેગરીની નિબંધ લેખન સ્પર્ધામાં અનુ ધીરેન્દ્ર સિંહે પ્રથમ, મુસ્કાન મુકેશભાઈ પટેલે દ્વિતીય અને જયંત મુકેશભાઈ પટેલે તૃતીય ઇનામ મેળવ્યું હતું. ઉચ્ચતર માધ્યમિક કેટેગરીમાં શ્રીનાથજી સ્કૂલની ધો.11 ની વિદ્યાર્થિની સોહાની કુમારીએ નિબંધ લેખનમાં દ્વિતીય તથા વક્તૃત્વ સ્પર્ધામાં તૃતીય ઇનામ મેળવ્યું હતું. કર્મચારી વર્ગમાં શ્રીનાથજી ગૃપ ઓફ કોલેજના પ્રોફેસર ડો. દીપ્તિ ગોયલે કવિતા લેખનમાં પ્રથમ અને નિબંધ લેખનમાં દ્વિતીય ઇનામ મેળવ્યું હતું. આ સિદ્ધિ બદલ સંચાલક મંડળે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

### પ્રધાનમંત્રીના જન્મદિવસે SVNM ટ્રસ્ટ દ્વારા ૨૦૦ નિ:શુલ્ક નેત્ર સર્જરીનો સંકલ્પ



નવસારી : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૬મા જન્મદિવસે સુપા, નવસારીના સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ (SVNM) દ્વારા ૨૦૦ જરૂરિયાતમંદ દર્દીઓની નિ:શુલ્ક નેત્ર સર્જરીનો સેવાકીય સંકલ્પ લેવાયો છે. નિવારી શકાય તેવા અંધત્વ સામે લડતા આ ટ્રસ્ટે અગાઉ ૪૯,૫૦૦થી વધુ સફળ સર્જરીઓ કરી છે. ટ્રસ્ટનું 'ઘર-ઘર દૃષ્ટિ' અભિયાન સમાજના છેવાડાના માનવી સુધી ગુણવત્તાસભર નેત્ર સારવાર પહોંચાડે છે. વડીલો અને માતા-પિતા પુન: દૃષ્ટિ મેળવીને પોતાના પરિવાર સાથે ખુશીઓ માણી શકે તે આ સેવાયજ્ઞનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ પહેલ અસંખ્ય પરિવારોમાં આશા અને નવું જીવન પથરાવવાનું એક સંવેદનશીલ કદમ છે.

# પારડી DILR કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ

**વિવિધ** માગણીઓને લઈને કર્મચારીઓ હડતાળ પર ઉતરતા રી-સર્વે અને જમીન માપણીના કામો અટવાયા

પારડીઃ પારડી સ્થિત જમીન દફતર નિરીક્ષક (DILR) કચેરી ખાતે પોતાની બાકી પડતર માંગણીઓને લઈને કર્મચારીઓ અચોક્કસ મુદતની 'પેન ડાઉન' હડતાળ પર ઉતરી ગયા છે. ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળના આહ્વાન પર શરૂ થયેલી આ હડતાળના કારણે દૂર-દૂરથી આવતા અરજદારો અને ખેડૂતોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સુરતથી પોતાના જમીનના કામ અર્થે આવેલા એક અરજદારે કચેરીના સત્તાધીશો અને સરકાર સમક્ષ પોતાની વ્યથા ઠાલવી હતી. અરજદાર પરિમલ દેસાઈએ જણાવ્યું હતું કે, હું સુરતથી અહીં DILR ઓફિસમાં રી-સર્વેની ભૂલો સુધારવા માટેની અરજીની તપાસ અર્થે આવ્યો હતો, પરંતુ અહીં કોઈ સ્ટાફ હાજર નથી. બહાર આવ્યા બાદ ખબર પડી કે કર્મચારીઓ સ્ટ્રાઇક પર છે. અમારે અરજી કરવાની છેલ્લી તારીખ ૧ ડિસેમ્બર આપેલી છે, તેથી અમારી માંગ છે કે કર્મચારીઓની હડતાળ જેટલા દિવસ ચાલે, તેટલા દિવસની મુદત ખેડૂતો માટે પણ વધારી આપવામાં આવે. કર્મચારીઓની માંગણીઓ વહેલી તકે પૂરી થાય અને અમારા જેવા અરજદારોના પ્રશ્નોનો નિકાલ આવે તેવી અમે અપેક્ષા રાખીએ છીએ.

નોટિસ બોર્ડ પર મારેલી સૂચના મુજબ, ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડ વર્ગ-૩ કર્મચારી મંડળના આદેશાનુસાર પારડી જમીન દફતર નિરીક્ષક કચેરીના તમામ કર્મચારીઓ ૧૧ સપ્ટેમ્બરથી અનિશ્ચિત મુદત માટે 'પેન ડાઉન' હડતાળ પર ઉતરીને કામગીરીથી અળગા રહ્યા છે.

# સંઘપ્રદેશમાં પોલીસ કોન્સ્ટેબલની ભરતીના નિયમોમાં ફેરફારની માંગ

**૧૦૦** ટકા જગ્યાઓ ડોમિસાઇલ ઉમેદવારો માટે અનામત રાખવા અને વયમર્યાદા વધારવા માંગ કરવામાં આવી

સેલવાસઃ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવમાં જાહેર થનારી પોલીસ કોન્સ્ટેબલની સીધી ભરતીના નિયમોમાં સ્થાનિક ઉમેદવારોને વધુ તક મળે તે હેતુથી સિલવાસા નગરપાલિકાના કાઉન્સિલર સુમન પટેલે પ્રદેશના પોલીસ મહાનિરીક્ષક (DIGP)ને લેખિત રજૂઆત કરી છે. વર્તમાન ડ્રાફ્ટ નિયમોમાં સ્થાનિક રહેવાસીઓ અને અનુસૂચિત જનજાતિ (ST) ઉમેદવારોને પૂરતી તક મળતી ન હોવાનું જણાવી જરૂરી સુધારા કરવા માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં મુખ્યત્વે ઓપન પ્રોસેસ નાબૂદ કરી પોલીસ કોન્સ્ટેબલની ૧૦૦ ટકા જગ્યાઓ પ્રદેશના અસલી ડોમિસાઈલ રહેવાસીઓ માટે અનામત રાખવાની માંગ કરાઈ છે.

આ ઉપરાંત, સ્થાનિક ST અને ખાતાકીય ઉમેદવારોને શારીરિક માપદંડોમાં ૫ સેમીની ફરજિયાત છૂટછાટ આપવા તેમજ 'ખાતાકીય ઉમેદવાર'ની વ્યાખ્યામાં અન્ય સરકારી વિભાગોમાં ૫ વર્ષની સેવા કરનાર કરાર આધારિત કર્મચારીઓનો સમાવેશ કરવા જણાવાયું છે.

સ્થાનિક યુવાનોને વધુ તક મળે તે માટે વર્તમાન વયમર્યાદા ૨૭ વર્ષથી વધારીને ૩૦ વર્ષ કરવા, અગાઉની માફક ૨૦ માર્ક્સની વેઈટેજ વ્યવસ્થા પુનઃ લાગુ કરવા અને એક્સ-અગ્નિવીર માટે ૧૦ ટકા અનામત મર્યાદા નક્કી કરવા વિનંતી કરાઈ છે.

સાથે જ, ST ઉમેદવારો માટે અગાઉની ૪૩ ટકા અનામત જોગવાઈ યથાવત રાખી વસ્તીના પ્રમાણમાં બેઠકો ફાળવવા માંગ કરાઈ છે.

### રોહિયાળ તલાટ પાસે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

વલસાડ : વલસાડઃ કપરાડા પોલીસે રોહિયાળ તલાટ નજીકથી એક ઈનોવા ક્રિસ્ટા કારમાંથી રૂપિયા 4.93 લાખની કિંમતની બિયર, વ્હિસ્કી અને વોડકા સહિત કુલ 2,195 બોટલો ઝડપી પાડી છે. પોલીસે 9.93 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે, મનાલા ત્રણ રસ્તા પાસેથી પસાર થતી કાર (DN-09-L-2442)ને અટકાવી તપાસ હાથ ધરતા ઈનોવા ચાલક, દારૂનો જથ્થો ભરી આપનાર સુરેશ ઉર્ફે સૂર્યો કનુ હળપતિ (રહે. દોરી કડયા) અને સફેદ કારમાં પાઈલોટિંગ કરી દારૂનો જથ્થો મૂકીને નાસી છૂટેલા કલ્પેશ હળપતિ (રહે. દમણ) વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# આસુરામાં યુવાન પર સરપંચ-ડેપ્યુટી સરપંચનો હુમલો

ધરમપુર : ધરમપુર તાલુકાના આસુરા ગામે દુકાનેથી મટન લઈને ઘરે પરત ફરી રહેલા યુવાનને ગામના ભાજપના સરપંચ તથા ડેપ્યુટી સરપંચે રસ્તામાં રોકી હુમલો કર્યો હતો. આસુરાના સોલંકી ફળિયામાં રહેતા ધર્મેશ સોલંકી પરત ફરતી વખતે આનંદભાઈની ઘંટી પાસે પહોંચ્યા ત્યારે ગામના સરપંચ સંજય પટેલ અને ડેપ્યુટી સરપંચ સતીષ ગામિતે બાઈક રોકી હતી. ડેપ્યુટી સરપંચે તું અમારા ગામમાં શું કામ અને શા માટે આવ્યો છે? તેમ કહી તેમને જમીન પર પાડી દીધા હતા અને પથ્થર તથા ધારદાર વસ્તુઓથી માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ ઉપરાંત, તેમની ગળાની ચેઈન પણ તોડી નાખી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

### ડાંગનાં ભદરપાડા ગામમાં વૃક્ષારોપણ

સાપુતારા : દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પહેલથી શરૂ થયેલા "એક પેડ મા કે નામ ૩.૦" અભિયાન અંતર્ગત, ડાંગ જિલ્લાના વઘઈ તાલુકામાં સમાવિષ્ટ ભદરપાડા ગ્રૂપ ગ્રામ પંચાયત દ્વારા ગામમાં કોઈ પણ પ્રસંગની ઉજવણીના ભાગરૂપે અવશ્ય વૃક્ષારોપણ કરી ગામને હરિયાળુ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે ભદરપાડાના સનીબેનના ઘરે દીકરાનો જન્મ થતાં આગેવાનોએ વૃક્ષારોપણ કર્યું હતું. જ્યારે સ્વ. ગુલાબભાઈ વાઘનું મૃત્યુ થતાં, પરિવારજનોએ તેઓની યાદમાં વૃક્ષારોપણ કરી ગામને હરિયાળું બનાવી રાખવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

# પત્ની અને સાળીના બેંક ખાતાઓમાં લાખો રૂપિયાના વ્યવહારો કરાયા

**વલસાડમાં** 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' અંતર્ગત સાયબર ફ્રોડ આચરનાર વાપીથી ઝડપાયો

વલસાડ : વલસાડ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમે 'ઓપરેશન મ્યુલ હન્ટ 2.0' અંતર્ગત કાર્યવાહી કરીને પત્ની અને સાળીના બેંક ખાતાઓનો ઉપયોગ કરી લાખો રૂપિયાનું સાયબર ફ્રોડ આચરનાર રાહુલકુમાર શૈલેન્દ્ર ચૌધરી નામના આરોપીને વાપીના છીરી ખાતેથી ઝડપી પાડ્યો છે.

પોલીસે તેની પાસેથી મોબાઈલ ફોન અને ચેકબુક સહિતનો મુદ્દામાલ કબજે કરી કુલ રૂપિયા ૧૧,૩૫,૯૭૫ ના સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો છે.

પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે આરોપી સગાં-સંબંધીઓના બેંક ખાતા મેળવી સાયબર ફ્રોડના નાણાં તેમાં જમા કરાવતો અને જાતે જઈને ઉપાડી લેતો હતો. તે બાયનાન્સ એપ્લિકેશન મારફતે યુ.એસ.ડી.ટી. (USDT) ખરીદીને નાણાં સગેવગે કરતો હતો. વાપીના ચણોદ ખાતે રહેતી સાળીના ખાતામાં ફેબ્રુઆરીથી ઓગસ્ટ ૨૦૨૬ દરમિયાન રૂપિયા ૧.૪૬ કરોડથી વધુના શંકાસ્પદ વ્યવહારો મળ્યા હતા, જેમાં દેશભરની સાયબર ક્રાઈમની ૯ ફરિયાદોના રૂપિયા ૬,૨૬,૮૭૯ જમા થયા હતા.

આ ઉપરાંત તેની પત્નીના ખાતામાં પણ ફ્રોડના રૂપિયા ૫,૦૯,૦૯૬ ટ્રાન્સફર થયા હોવાનું બહાર આવ્યું છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે અને નાગરિકોને પોતાના બેંક ખાતા કે સિમકાર્ડ અન્ય કોઈને ન આપવા અપીલ કરી છે.